Signature of Invigilators

1. ................................

2. ................................

# GUJARATI

## Paper II

Roll No. [ ][ ][ ][ ][ ]

(In figures as in Admit Card)

Roll No. ................................

................................

(In words)

# J—0602

Name of the Areas/Section (if any) ................................

Time Allowed : 75 Minutes]

[Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter A question should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong Method [A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (50)** બહુવિકલ્પીય ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. સભી પ્રશ્ન અનિવાર્ય છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [A , [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નીરીક્ષકને સોંપી દેવી. કોઈપણ પેપર પરીક્ષા રૂમની બહાર લઈ જવું નહી.

SEAL

# GUJARATI
# ગુજરાતી
## PAPER-II
## પ્રશ્નપત્ર-II

Note : This paper contains **fifty (50)** multiple-choice questions, each carrying **two (2)** marks. Mark the correct response in the answer-sheet. All questions are compulsory.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર લખો.

૧. 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' ના સર્જક કોણ છે ?

(A) સંઘદાસગણિ (B) મહીરાજ

(C) માણિક્યચંદ્ર સૂરિ (D) વીરસિંહ

૨. 'વાસુકિ' કોનું ઉપનામ છે ?

(A) ઉમાશંકર જોશી (B) કંચનલાલ મહેતા

(C) રમણભાઈ નીલકંઠ (D) ગૌરીશંકર જોશી

૩. 'સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે'–આ પંક્તિનો છંદ કયો છે ?

(A) મનહર (B) ચોપાઈ

(C) માલિની (D) અનુષ્ટુપ

૪. 'ભણકારા' કાવ્યરચનાનો પ્રકાર કયો છે ?

(A) ગીત (B) સૉનેટ

(C) ખંડકાવ્ય (D) ગઝલ

૫. 'કામિની કોકિલા કેલિકૂજન કરે' – આ પંક્તિમાં કયો અલંકાર પ્રયોજાયો છે ?

(A) વ્યાજસ્તુતિ (B) રૂપક

(C) યમક (D) વર્ણસગાઈ

૬. 'આગગાડી' કયો સમાસ કહેવાય ?

(A) મધ્યમપદલોપી (B) બહુવ્રીહિ

(C) દ્વન્દ્વ (D) કર્મધારય

૭. 'ધ્વન્યાલોકલોચન'ના કર્તા કોણ ?

(A) આનંદવર્ધન (B) લોલ્લટ

(C) અભિનવગુપ્ત (D) ભટ્ટ નાયક

૮. આધુનિક ટૂંકી વાર્તાકાર કોણ છે ?

(A) ઘનશ્યામ દેસાઈ (B) કનૈયાલાલ મુનશી

(C) જિતુભાઈ મહેતા (D) ઝીણાભાઈ દેસાઈ

૯. વિચારપ્રધાન કવિતાને દ્વિજોત્તમ જાતિની કવિતા તરીકે કોણે ઓળખાવી ?

(A) નર્મદ (B) મણિભાઈ દ્વિવેદી

(C) આનંદશંકર ધ્રુવ (D) બળવંતરાય ઠાકોર

૧૦. પ્રતીકરચનાને લગતી સૈદ્ધાંતિક ચર્ચા કોણે કરી છે ?

(A) સુઝાન લેંગર (B) બેનિદેત્તો ક્રોચે

(C) મેથ્યુ આર્નલ્ડ (D) લોન્જાઈનસ

૧૧. 'ઊગે છે સુરખીભર્યો રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં'ના કર્તા કોણ છે ?

(A) 'કલાપી' (B) નિરંજન ભગત

(C) 'સ્નેહરશ્મિ' (D) કૃષ્ણલાલ શ્રીધરાણી

૧૨. 'તે રમ્ય રાત્રે, ને રાત્રિથીય રમણીય ગાત્રે'ના કર્તા કોણ છે ?

(A) પ્રિયકાન્ત મણિયાર (B) સુંદરમ્

(C) રાજેન્દ્ર શાહ (D) ઉમાશંકર જોશી

૧૩. <u>તપતી</u> ચરિત્ર કઈ નવલકથામાં આલેખાયું છે ?

(A) સુખ નામનો પ્રદેશ (B) કુરુક્ષેત્ર

(C) ભગવાન પરશુરામ (D) રુદ્રમહાલય

૧૪. <u>અરામ શાહ</u> ચરિત્ર કઈ નવલકથામાં આલેખાયું છે ?

(A) આકાર (B) પેરેલિસિસ

(C) એકલતાના કિનારા (D) અયનવૃત્ત

૧૫. નીચેનામાંથી બે રચનાઓ જૈન કવિઓની છે.

(અ) વસંતવિલાસ

(બ) આરામશોભારાસ

(ક) મદનમોહના

(ડ) સ્થૂલિભદ્ર ફાગુ

(A) અ અને બ (B) ક અને ડ

(C) બ અને ક (D) બ અને ડ

૧૬. સોલંકી યુગને કેન્દ્રમાં રાખીને નીચેનામાંથી બે સર્જકોએ નવલકથા લખી છે.

(અ) રમણલાલ દેસાઈ

(બ) ધૂમકેતુ

(ક) કનૈયાલાલ મુનશી

(ડ) નંદશંકર મહેતા

(A) બ અને ક (B) અ અને બ

(C) ક અને ડ (D) અ અને ડ

૧૭. આ બે પંડિતયુગની કૃતિઓ છે.

(અ) સરસ્વતીચંદ્ર

(બ) દિવ્યચક્ષુ

(ક) ધીમુ અને વિભા

(ડ) રાઈનો પર્વત

(A) અ અને બ (B) બ અને ડ

(C) ક અને ડ (D) અ અને ડ

૧૮. આ બે આધુનિક કવિઓ છે.

(અ) રામનારાયણ પાઠક

(બ) ગુલામમોહમ્મદ શેખ

(ક) સુંદરમ્

(ડ) પ્રિયકાન્ત મણિયાર

(A) બ અને ડ (B) અ અને ક

(C) ક અને ડ (D) બ અને ક

૧૯. બે નવલકથાઓના નાયક પાછળથી દૃષ્ટિ ગુમાવે છે.

(અ) સ્વપ્નદૃષ્ટા

(બ) સ્વપ્નતીર્થ

(ક) દિવ્યચક્ષુ

(ડ) ઝેર તો પીધાં છે જાણી જાણી

(A) અ અને બ (B) ક અને ડ

(C) અ અને ક (D) બ અને ડ

૨૦. યુગસંદર્ભ બદલાવાને કારણે પોતાની કવિતામાં પરિવર્તન લાવનારા બે કવિ

(અ) સિતાંશુ યશશ્ચંદ્ર

(બ) ઉમાશંકર જોશી

(ક) રાજેન્દ્ર શાહ

(ડ) સુંદરમ્

(A) અ અને બ | (B) અ અને ક

(C) બ અને ક | (D) બ અને ડ

૨૧. ભાષાવિજ્ઞાનના ક્ષેત્રે અર્પણ કરનારા બે વિદ્વાનો

(અ) પ્રબોધ પંડિત

(બ) પુષ્કર ચંદરવાકર

(ક) સુરેશ જોષી

(ડ) હરિવલ્લભ ભાયાણી

(A) અ અને ક | (B) બ અને ક

(C) અ અને ડ | (D) બ અને ડ

૨૨. બે સામયિકોએ ગ્રંથસમીક્ષાને પ્રાધાન્ય આપ્યું.

(અ) ગ્રંથ

(બ) પ્રત્યક્ષ

(ક) ક્ષિતિજ

(ડ) સંસ્કૃતિ

(A) અ અને ક | (B) અ અને બ

(C) બ અને ડ | (D) ક અને બ

૨૩. માહિતી ક : રસવિષયક ચર્ચાનું મૂળ નાટ્યશાસ્ત્ર છે.

માહિતી ખ : રસવિષયક ચર્ચા વામને કરી છે.

(A) ક અને ખ બન્ને ખરાં છે. | (B) ક ખરું છે પણ ખ ખોટું છે.

(C) ક અને ખ બન્ને ખોટાં છે. | (D) ક ખોટું છે પણ ખ ખરું છે.

૨૪. માહિતી ક : કાવ્યપ્રકાશના કર્તા આનંદવર્ધન છે.

માહિતી ખ : અભિનવગુપ્તે વક્રોક્તિજીવિત પર ટીકા લખી છે.

(A) ક અને ખ બંને ખોટાં છે. | (B) ક ખરું છે પણ ખ ખોટું છે.

(C) ક ખોટું છે પણ ખ ખરું છે. | (D) ક અને ખ બંને ખરાં છે.

૨૫. **માહિતી ક :** એરિસ્ટોટલ ટ્રેજેડીની ચર્ચા કરતી વખતે સોફોકલીઝની 'ઈડિપસ ધ કીંગ' નાટ્યકૃતિને આદર્શ ગણીને ચાલે છે.

**માહિતી ખ :** એરિસ્ટોટલ ટ્રેજેડીનાં ઘટકોમાં ચરિત્રચિત્રણને સૌથી વધુ મહત્ત્વ આપે છે.

(A) ક ખરું છે પણ ખ ખોટું છે. (B) ક અને ખ બંને ખોટાં છે.

(C) ક ખોટું છે પણ ખ ખરું છે. (D) ક અને ખ બંને ખરાં છે.

૨૬. બે વાકયોથી બનેલું કયું યુગ્મ પૂરેપૂરું સાચું છે ?

(A) અખો ભકિતમાર્ગી કવિ છે. તેણે 'અનુભવબિંદુ' નામનો ગ્રંથ રચ્યો છે.

(B) અખો જ્ઞાનમાર્ગી કવિ છે. તેણે 'અનુભવબિંદુ' નામનો ગ્રંથ રચ્યો છે.

(C) અખો આખ્યાનકવિ છે. તેમની રચના 'રણમલ્લ છંદ' જાણીતી છે.

(D) અખો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો છેલ્લો કવિ છે. તેણે 'અનુભવબિંદુ' નામનો ગ્રંથ રચ્યો છે.

૨૭. નીચેનામાંથી કયું જૂથ સુસંગત છે ?

(A) જયંતિ દલાલ : 'આ ઘેર પેલે ઘેર'ના સર્જક : જાણીતા એકાંકીકાર

(B) જયંતિ દલાલ : પંડિત યુગના એક ચિંતક : 'ધીમુ અને વિભા'ના લેખક

(C) જયંતિ દલાલ : 'શહેરની શેરી'ના લેખક : અછાંદસ કવિતાના પ્રણેતા

(D) જયંતિ દલાલ : 'ઝાડ, ડાળ અને માળો'ના સર્જક : 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી'ના અનુવાદક

૨૮. નીચેનામાંથી કયું જૂથ સુસંગત છે ?

(A) દાન્તે : જર્મની : નવલકથાકાર

(B) દાન્તે : નાટ્યકાર : ઈટલી

(C) દાન્તે : ડીવાઈન કોમેડી : મધ્યકાલીન યુરોપનો કવિ

(D) દાન્તે : 'મેઝર ફોર મેઝર'નો સર્જક : ફ્રાંસ

૨૯. સર્વથા અસંગત જૂથ કયું ?

(A) રામનારાયણ પાઠક : દ્વિરેફ : શેષ

(B) રામનારાયણ પાઠક : ગાંધીયુગ : નવલકથાકાર

(C) રામનારાયણ પાઠક : આધુનિક યુગ : 'ત્રણ પાડોશી' ના સર્જક

(D) રામનારાયણ પાઠક : મુકુન્દરાય : લોકસાહિત્યનું સંપાદન

૩૦. સર્વથા અસંગત જૂથ કયું ?

(A) જયંત ખત્રી : અનુઆધુનિક વાર્તાકાર : 'તેજ, ગતિ અને ધ્વનિ'

(B) જયંત ખત્રી : નાટ્યકાર : પંડિત યુગ

(C) જયંત ખત્રી : નવલકથાકાર : 'ખીચડી'

(D) જયંત ખત્રી : કવિ : કચ્છ પ્રદેશ

૩૧. બન્ને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો :

| **યાદી –૧** | **યાદી – ૨** |
|---|---|
| (અ) ટૂંકી વાર્તા | (૧) મોપાસાં |
| (બ) ગાંધીયુગના એક વાર્તાકાર | (૨) રામનારાયણ પાઠક |
| (ક) ગુજરાતીના આરંભકાલીન વાર્તાકાર | (૩) યુરોપમાંથી આવેલો એક પ્રકાર |
| (ડ) ટૂંકી વાર્તાના એક મોટા સર્જક | (૪) મલયાનિલ |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૩ | ૨ | ૪ | ૧ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૪ | ૧ | ૨ | ૩ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૨ | ૩ | ૧ | ૪ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૧ | ૪ | ૩ | ૨ |

૩૨. બંને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો.

| **યાદી–૧** | **યાદી–૨** |
|---|---|
| (અ) ઉમાશંકર જોશી | (૧) પુરાણોમાં ગુજરાત |
| (બ) સંશોધક | (૨) મારી ચંપાનો વર |
| (ક) વાર્તાકાર | (૩) પારકાં જણ્યાં |
| (ડ) નવલકથા | (૪) ત્રીસીના અગ્રણી કવિ |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૨ | ૩ | ૪ | ૧ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૩ | ૪ | ૧ | ૨ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૧ | ૩ | ૪ | ૨ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૪ | ૧ | ૨ | ૩ |

૩૩. બન્ને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો.

| | યાદી–૧ | | યાદી–૨ |
|---|---|---|---|
| (અ) | રાષ્ટ્રીય શાયર | (૧) | રઢિયાળી રાત |
| (બ) | લોકસાહિત્યનું સંપાદન | (૨) | યુગવંદના |
| (ક) | ગાંધીયુગનો મહત્ત્વનો સંગ્રહ | (૩) | વિલોપન અને બીજી વાતો |
| (ડ) | વાર્તાકાર | (૪) | ઝવેરચંદ મેઘાણી |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૪ | ૨ | ૧ | ૩ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૪ | ૧ | ૨ | ૩ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૩ | ૨ | ૧ | ૪ |

૩૪. બંને યાદીઓની વિગતો સરખાવો અને સાચું જોડકું જણાવો :

| | યાદી–૧ | | યાદી–૨ |
|---|---|---|---|
| (અ) | શૅક્સ્પિયર | (૧) | અંગ્રેજી ભાષાના નાટ્યકાર |
| (બ) | ટ્રેજેડી | (૨) | 'કૉમેડી ઓવ્ એરર્સ' |
| (ક) | કૉમેડી | (૩) | ડૅસ્ડિમોના |
| (ડ) | 'ઓથેલો' | (૪) | 'હેમ્લેટ' |

| | | | | |
|---|---|---|---|---|
| (A) | અ | બ | ક | ડ |
| | ૪ | ૨ | ૩ | ૧ |
| (B) | અ | બ | ક | ડ |
| | ૧ | ૪ | ૨ | ૩ |
| (C) | અ | બ | ક | ડ |
| | ૨ | ૪ | ૧ | ૩ |
| (D) | અ | બ | ક | ડ |
| | ૩ | ૧ | ૨ | ૪ |

૩૫. બ. ક. ઠાકોરે વિચારપ્રધાન કાવ્યને દ્વિજોત્તમ કહ્યું કારણ કે

(A) પંડિત યુગનું કાવ્યસાહિત્ય વધારે પડતું ઊર્મિલ અને લાગણીશીલ બન્યું હતું.

(B) તેઓ સોનેટ સ્વરૂપના પક્ષપાતી હતા.

(C) આવું કાવ્ય વધારે કળાત્મક હોય છે.

(D) આવું કાવ્ય છંદોમાં સારી રીતે લખી શકાય છે.

૩૬. કેટલાક આધુનિક ગુજરાતી કવિઓએ અછાંદસ કાવ્યો લખ્યાં કારણ કે

(A) એમને છંદોનું જ્ઞાન ન હતું.

(B) એમને કાવ્યમાં છંદો બંધનકારક લાગતા હતા.

(C) એમણે પશ્ચિમના કવિઓના અનુકરણમાં એમ કર્યું.

(D) એમના કાવ્યાદર્શ અને કવિસંવિદને એવાં કાવ્યો લખવા યોગ્ય જણાયાં.

૩૭. ટૂંકી વાર્તા અને નવલકથા જેવાં બે સાહિત્ય સ્વરૂપો વચ્ચે લઘુનવલનું સ્વરૂપ અસ્તિત્વ ધરાવે છે કારણ કે

(A) વાચકોને એ સ્વરૂપ વધારે પ્રિય છે.

(B) ટૂંકાં અને લાંબાં સ્વરૂપો વચ્ચે એક મધ્યમ કદનું સ્વરૂપ હોવું જોઈએ.

(C) ટૂંકી વાર્તા અને નવલકથાનાં સ્વરૂપો કરતાં લઘુનવલનાં કાર્યો-પ્રયોજનો અલગ છે.

(D) પુસ્તકપ્રકાશકોની એ સ્વરૂપની કૃતિઓની માગ ઘણી હોય છે.

૩૮. ગુજરાતમાં જૂની રંગભૂમિનાં નાટકો વિસરાતાં જાય છે કારણ કે

(A) માત્ર રેડિયો અને ટેલિવીઝન પર જ હવે રજૂ થાય છે.

(B) એના લેખકો એવાં નાટકો હવે લખતા નથી.

(C) એ નાટકો અભ્યાસક્રમમાં જવલ્લે જ મૂકાય છે.

(D) જૂની રંગભૂમિ હવે હયાત નથી.

૩૯. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) ક્ષિતિજ, સંસ્કૃતિ, બુદ્ધિપ્રકાશ, પ્રિયંવદા

(B) સંસ્કૃતિ, પ્રિયંવદા, ક્ષિતિજ, બુદ્ધિપ્રકાશ

(C) બુદ્ધિપ્રકાશ, પ્રિયંવદા,સંસ્કૃતિ, ક્ષિતિજ

(D) પ્રિયંવદા, ક્ષિતિજ, સંસ્કૃતિ, બુદ્ધિપ્રકાશ

૪૦. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) હેમચંદ્ર, દયારામ, શામળ, મીરાં

(B) દયારામ, શામળ, મીરાં, હેમચંદ્ર

(C) મીરાં, શામળ, દયારામ, હેમચંદ્ર

(D) હેમચંદ્ર, મીરાં, શામળ, દયારામ

૪૧. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) ફ્રાન્ઝ કાફકા, ગેબ્રિયલ માર્કવેઝ, દાન્તે, સોફોકલીઝ

(B) દાન્તે, સોફોકલીઝ, ગેબ્રિયલ માર્કવેઝ, ફ્રાન્ઝ કાફકા

(C) ગેબ્રિયલ માર્કવેઝ, સોફોકલીઝ, ફ્રાન્ઝ કાફકા, દાન્તે

(D) સોફોકલીઝ, દાન્તે, ફ્રાન્ઝ કાફકા, ગેબ્રિયલ માર્કવેઝ

૪૨. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) મારી હકીકત, પૂર્વાલાપ, યાત્રા, છિન્નપત્ર

(B) યાત્રા, મારી હકીકત, છિન્નપત્ર, પૂર્વાલાપ

(C) પૂર્વાલાપ, છિન્નપત્ર, યાત્રા, મારી હકીકત

(D) છિન્નપત્ર, પૂર્વાલાપ, મારી હકીકત, યાત્રા

૪૩. તાજેતરમાં ભારતીય મૂળના અંગ્રેજીમાં લખતા કયા લેખકને નોબેલ પ્રાઈઝ મળ્યું ?

(A) અમિતાવ ઘોષ (B) વી. એસ. નાયપોલ

(C) ખુશવંતસિંહ (D) વિક્રમ શેઠ

૪૪. ગુજરાતી સાહિત્યકોશનું પ્રકાશન કઈ સાહિત્યિક સંસ્થાએ કર્યું છે ?

(A) ગુજરાત સાહિત્ય અકાદમી (B) પ્રાચ્ય વિદ્યામંદિર

(C) ગુજરાતી સાહિત્ય પરિષદ (D) નર્મદ સાહિત્ય સભા

૪૫. નીચેનામાંથી ખરું વાક્ય શોધો :

(A) નો-ની-નું-નાં : આ પ્રત્યયો પંચમી વિભક્તિના છે.

(B) તે સારી રીતે જમ્યો : અધોરેખિત શબ્દો ભાવવાચક નામ સૂચવે છે.

(C) 'રાતું કમળ' માં રાતું શબ્દ ગુણવાચક વિશેષણ છે.

(D) 'રામ જમે છે' – આ વાક્યમાં કર્મણિ પ્રયોગ થયો છે.

૪૬. નીચેનામાંથી ખરું વાક્ય શોધો :

(A) 'તમે' – પ્રથમ પુરુષ સર્વનામ છે.

(B) 'તે રોટલી ખાય છે' –માં 'છે' સહાયકારક ક્રિયાપદ છે.

(C) 'મારી સાથે વાત કર' – વાક્ય ભૂતકાળનું છે.

(D) 'રમણ દોડતો દોડતો આવ્યો' – આ સંયુક્ત વાક્ય છે.

નીચે આપેલો ગદ્યખંડ વાંચો અને તમારી સમજને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરના ક્રમાંક દર્શાવો :

'કેટલીક કૃતિઓ સ્વયંસ્ફુરણ થતાંની સાથે રચાઈ જાય છે, કેટલીકને રચાતાં વાર લાગે છે. ખાસ કરીને લાંબી કૃતિ હોય ત્યારે તો એની રચનામાં ઠીક ઠીક સમય જાય જ. એટલો સમય, ક્યારેક તો વરસો સુધી, સમાધિ શી રીતે ચાલે ? પણ જેમ નાટકમાં વિરામ પછી પડદો ઉઘડતાં પાછા નાટ્યસૃષ્ટિ સાથે, અથવા પુસ્તક વાંચતા જ્યારે જ્યારે ફરી આગળ વાંચવું શરૂ કરીએ છીએ ત્યારે એના વસ્તુ સાથે આપણાં ચિત્તનું અનુસંધાન થતું આપણે જોઈએ છીએ, તેવું જ સર્જકનું પણ થતું હશે એમ સમજી શકાય. આખી કૃતિનું દર્શન તો કવિને હોય, એટલે એને સાકાર કરવામાં જ્યારે જ્યારે એ રોકાય ત્યારે પોતાના ચિત્તને સમાહિત કરવાનું એને માટે સુગમ નીવડે. કાવ્યના આરંભનું ભાવપ્રતીક–આખી કાવ્યસૃષ્ટિને પકડમાં લેતું ભાવપ્રતીક –એના હાથમાં હોય તો યથાવકાશ એ આગળ વધીને સમગ્રને

સાકાર કરવા સુધી પહોંચે.મેઘદૂતના આરંભનું યક્ષ-મેઘનું પ્રતીક સૂઝયું એટલે મનોગત કાવ્યસૃષ્ટિ અવતરવી શરૂ થઈ, પછી અવાંતર ભાવપ્રતીકોમાં વધઘટ અને ફેરફાર માટે અવકાશ રહે. બે વધુ નદીઓ કે બે વધુ નગરો ઉલ્લેખ પામે અથવા રદ પણ થાય. આમ, આરંભના ભાવપ્રતીક અને સમગ્રના દોરની મદદથી કાવ્યરચના આગળ ધપાવવામાં એકાગ્રચિત્ત થવું સુકર બને એ સમજી શકાય એવું છે. કહે છે કે ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'નો આખો આલેખ (graph) કરી રાખ્યો હતો. મહાકાવ્યનું મહત્ત્વ આ સમાધિ –એકાગ્રતા– ની દૃષ્ટિએ પણ સમજવા જેવું છે. કોલરિજે મિલ્ટનના દૃષ્ટાંત ઉપરથી કહ્યું તેમ મહાકાવ્ય માટે કવિએ વીસ વરસ આપવાં જોઈએ. સમાધિની પરિભાષામાં કહીએ તો જે કાવ્યસૃષ્ટિ શબ્દમાં ઊતરવા માટે વીસ વીસ વરસ સુધી કવિનો પીછો પકડે છે, અર્થાત જે કાવ્યસૃષ્ટિમાં કવિ પોતાના જીવનનાં વીસ વીસ વરસ સુધી સમાધિ અનુભવી શકે છે, એ જરૂર એના વ્યકિત ચૈતન્યની જગતને ચરણે મોટામાં મોટી મોંઘામૂલી ભેટ હોવી જોઈએ.'

૪૭. લેખકનું પરિચ્છેદમાં કહેવાનું તાત્પર્ય શાના વિશે છે ?

(A) અધ્યાત્મ ભાવસમાધિની પ્રક્રિયા વિશે

(B) કાવ્યસર્જનની પ્રક્રિયા વિશે

(C) કાવ્યઅર્થઘટનના વિશે

(D) વિવેચનની પ્રક્રિયા વિશે

૪૮. શું મળી જાય તો કવિનું મનોગત કાવ્યસૃષ્ટિ રૂપે સુપેરે અવતરે ?

(A) ભાવપ્રતીક (B) સમાધિ અવસ્થા

(C) અભિવ્યકિતકૌશલ્ય (D) વ્યક્તિચૈતન્ય

૪૯. કેટલીક લાંબી કૃતિઓની રચનાઓમાં વરસો જાય છતાં એમાં બધું અસ્તવ્યસ્ત થઈ જતું નથી કારણ કે–

(A) લેખક વિવેચકની સલાહ લે છે.

(B) લેખક વરસો સુધી સમાધિ ધારણ કરે છે.

(C) લેખક વસ્તુ સાથે ચિત્તનું અનુસંધાન સાધે છે.

(D) ભાવક એવું બધું નભાવી લે છે.

૫૦. પરિચ્છેદલેખકની દૃષ્ટિએ લેખક માટે ભાવપ્રતીક મળવા ઉપરાંત અન્ય કઈ વસ્તુ અગત્યની છે ?

(A) નિષ્ઠા (B) નિસ્બત

(C) એકાગ્રતા (D) પ્રામાણિકતા

## ROUGH WORK

## ROUGH WORK

SEAL